જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૭/૦૯/૨૦૧૮ શુક્રવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૩૩/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી, ૫૪૯ લીટર દેશી દારૂ, ૨૬ ઈંગ્લીશ દારૂ, ૭૧૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ રિક્ષા અને ૨ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૫ કેસ કરી ૨૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૮,૦૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૩૪/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૮૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૧૭૩૫/૧૮

**રામોલઃ** રામરાવ શંકરરાવ સુત્રાવે (ઉ.વ.૪૮)(રહે,વાઘજી માસ્તરની ચાલી મુકેશનગર બસ સ્ટેન્ડ પાછળ રાજેન્દ્રપાર્ક ઓઢવ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૦૯/૧૮ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે રાજેન્દ્રપાર્ક ચાર રસ્તા નજીક એસ.બી.આઇ. બેન્કના એ.ટી.એમ ખાતે રામરાવ નાઓ પૈસા ઉપાડવા ગયેલ ત્યારે તેમની પાછળ ઉભેલા બે અજાણ્યા ઇસમો (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) એ ભેગા મળી રામરાવ સાથે યુક્તિ પ્રયુક્તિ વાપરી, તેમના એકાઉન્ટમાંથી રૂપિયા ૩૮,૦૦૦/- ઉપાડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની પો.સ.ઇ.શ્રી બી.એલ.રોહીત ચલાવે છે.

## ઘરફોડ ચોરીઃ- સમાચાર યાદી નં.૧૭૩૬/૧૮

**પાલડીઃ** શૈલ દેવાંગભાઇ શાહ (રહે.વૃંદાવન કોલોની ધરણીધર દેરાસર પાસે પાલડી) એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૫/૯/૧૮ રાતના ૯/૦૦ થી તા.૬/૯/૧૮ સવારના ૯/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન પાલડી નવા શારદા મંદીર રોડ નુતન નાગરીક બેંક પાસે ઘનશ્યામ એવન્યુમાં આવેલ જે.જે.સન્સ (જે.જે.એંટરપ્રાઇઝ) નામની પોતાની દુકાનના શટરનું તાળુ તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી રોકડ રૂપિયા ૨,૮૩,૬૮૦/- તેમજ મોરપીંછ એપાર્ટમેંટમાં આવેલ અરિંહત એજંસી નામની દુકાનના શટરના તાળા તોડી રોકડ રૂપિયા અને ડી.વી.આર.મળી કુલ રૂપિયા ૩,૨૮,૬૮૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની પો.ઇ.શ્રી બી.એસ.રબારી ચલાવે છે.

**સોનાની ચેઇન ખેચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૧૭૩૭/૧૮**

**નારણપુરાઃ** અનુષ્કાબહેન અનીલભાઇ કપુર (ઉ.વ.૨૨)(રહે,કેશવ એપાર્ટમેન્ટ કિરણપાર્ક ફલેટની બાજુમા ગાયત્રી મેડીકલ સેન્ટર પાસે કિરણપાર્ક નવા વાડજ) તા.૦૫/૯/૧૮ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે નારણપુરા સોહીયા મોલની પાસે આવેલા રત્ના હાઇસ્ટ્રીટ કોમ્પલેક્ષ આગળથી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૦ થી  ૨૫ વર્ષના આશરાના) અનુષ્કાબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ અનુષ્કાબહેન કપુરે નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની પો.સ.ઇ.શ્રી એલ.બી.સૈની ચલાવે છે.

**લુંટ :-** **સમાચાર યાદી નં.૧૭૩૮/૧૮**

**સરદારનગરઃ** અરવિંદભાઇ હરીપ્રસાદ વર્મા (રહે.ન્યુ વૃંદાવન સોસાયટી ધ્રુવનગર સામે જીંદાલ ફેકટરીની બાજુમાં શાહવાડી નારોલ) એ તા.૬/૯/૧૮ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૯/૧૮ સાંજના ૫/૩૦ થી ૫/૪૫ વાગ્યા દરમ્યાન કુબેરનગર રેલ્વે ક્રોસિંગ નજીકની ગલીમાં બે અજાણ્યા ઇસમો (૩૫ વર્ષના આશરાના) એ ભેગામળી અરવિંદભાઇના હાથમાંથી વીવો કંપનીનો મોબાઇલ ફોન કિમત રૂપિયા ૧૫,૦૦૦/- તેમજ પેંટના ખિસ્સામાંથી રોકડ રૂપિયા ૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨૦,૦૦૦/- મતાની લુંટ કરી નાસી ગયા હતા. આ ગુનાની પો.સ.ઇ.શ્રી એમ.એમ.ઠાકોર ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૭૩૯/૧૮**

**એલીસબ્રીજઃ** ભરતભાઇ હમીરભાઇ રાઠોડ (ઉ.વ.૩૦) (રહે. મહેનતપુરાના છાપરાની લાઇનમાં આંબાવાડી) એ અગમ્ય કારણસર તા.૬/૯/૧૮ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાતા સારવાર માટે વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રતનસિંહ હીમ્મતસિંહ ચલાવે છે.

**રામોલઃ** ધર્મિષ્ઠાબહેન ડો/ઓ નટવરલાલ લોઢા (ઉ.વ.૧૯) (રહે. જલપરી સોસાયટી સુમીનપાર્ક પાસે વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૨૯/૮/૧૮ કલાક ૩/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાતા સારવાર માટે એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૫/૯/૧૮ રાતના ૧૦/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી બી.એલ.રોહીત  ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.